અપીલ અરજી નં.૬૮૯ તા.૩–૩–૧૨

ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી ધનજીભાઈ કે. પટેલ
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનજીભાઈ કે. પટેલની તા. ૧૧–૧–૧૨ની અરજીથી સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ/ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ ટી.પી.સ્કીમ નં. ૪(અશ્વનીકુમાર–નવાગામ) ફા.પ્લોટ નં.૮૦માં મંજુર થયેલ વિકાસ પરવાનગીમાં મુદ્દા નં. (A) મંજુર થયેલ વિકાસ પરવાનગી મુજબનું બાંધકામ થયેલ છે કે કેમ ? તેની વિગત (B) મંજુર થયેલ વિકાસ પરવાનગી સિવાય વધારાનું (ગેરકાયદેસર) બાંધકામ થયેલ હોય તો કેટલું ? કઈ રીતનું થયેલ છે ? તેની વિગત વિ. મુદ્દા નં. (A) થી (G) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૮૯/૨૦૧૧–૧૨

શ્રી ધનજીભાઈ કે. પટેલની તા. ૧૧–૧–૧૨ની અરજીથી સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ/ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ ટી.પી.સ્કીમ નં. ૪(અશ્વનીકુમાર–નવાગામ) ફા.પ્લોટ નં. ૮૦માં મંજુર થયેલ વિકાસ પરવાનગીમાં મુદ્દા નં. (A) મંજુર થયેલ વિકાસ પરવાનગી મુજબનું બાંધકામ થયેલ છે કે કેમ ? તેની વિગત (B) મંજુર થયેલ વિકાસ પરવાનગી સિવાય વધારાનું (ગેરકાયદેસર) બાંધકામ થયેલ હોય તો કેટલું ? કઈ રીતનું થયેલ છે ? તેની વિગત વિ. મુદ્દા નં. (A) થી (G) ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૯૦૩ તા. ૨૩–૨–૧૨ થી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો, બાંધકામ રજીસ્ટર, દફતર આધારે સ્પષ્ટ કરવા તથા મુદ્દા નં. ૭ના ઉપયોગ વિના રહેઠાણ શકય નથી તે અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા. વધુમાં મુદ્દા નં.૨ની આપેલ માહિતી જોતાં મુદ્દા નં. ૧ સુસંગત જણાતું નથી તે અંગે પણ હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/ ૨૦૬૦ તા.૨૨–૩–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) તથા અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે)ની જોગવાઈ મુજબ ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે પરત્વે તેમનું ધ્યાન દોરવામાં આવે છે. જેના ઉપલક્ષમા તેઓ દફતરી વિગતોની તપાસણી કરવા ઈચ્છુક હોય તો અપીલ તબક્કે તે અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના તા.૧૦–૪–૧૨ થી મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૯૦૩ તા.૨૩–૨–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૧–૧–૧૨ની અરજીથી માહિતી માંગતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૯૦૩ તા.૨૩–૨–૧૨ થી અરજદારને સમય અવધિબાદ માહિતી પુરી પાડવામાં આવેલ. અરજદારની અરજીમાં સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ/ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ ટી.પી.સ્કીમ નં. ૪(અશ્વનીકુમાર–નવાગામ) ફા.પ્લોટ નં.૮૦માં મંજુર થયેલ વિકાસ પરવાનગીમાં મુદ્દા નં. (A) મંજુર થયેલ વિકાસ પરવાનગી મુજબનું બાંધકામ થયેલ છે કે કેમ ? તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એટ મુજબ સ્થળસ્થિતિની ચકાસણી કરીને માહિતી આપવાની રહેતી નથી. તેવુ જણાવેલ.

(B) મંજુર થયેલ વિકાસ પરવાનગી સિવાય વધારાનું (ગેરકાયદેસર) બાંધકામ થયેલ હોય તો કેટલું ? કઈ રીતનું થયેલ છે ? તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર વિકાસ પરવાનગીમાં મંજુર પ્લાન સિવાય વધારાનાં બાંધકામ અંગે વરાછાઝોનની કચેરીએથી કાર્યવાહી કરવામાં આવેલ છે. તેવુ જણાવેલ છે.

(C) બી.યુ.સી. (બિલ્ડીગ યુઝ સર્ટીફીકેટ) સર્ટીફીકેટની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલકતમાં બી.યુ.સી. અપાયેલ હોય તેવી કોઈ વિગત વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે.

(D) બાંધકામ શરૂ થયાનું સર્ટીફીકેટની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે.(E) બાંધકામ પુરૂ થયાની સર્ટીફીકેટની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે.

(F) આર્કી.એન્જી. શ્રી નિલેશ પટેલના રીપોર્ટ તથા એફીડેવીટ વિગેરેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે.

(G) ગટર જોડાણ કેવી રીતે આપેલ છે તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે.

અરજદારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૯૦૩ તા. ૨૩–૨–૧૨થી નારાજ થઈ તા. ૩–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ અંગે માહિતી રેકર્ડ ઉપર ન હોય તો મુદ્દા નં.૨ નો જવાબ આપી શકાય નહીં. તથા તે સિવાયની તમામ માહિતી આપવાનો ઈન્કાર ખોટો છે. તેવુ જણાવેલ.

મુદ્દા નં. ૧ માં મંજુર થયેલ વિકાસ પરવાનગી મુજબ બાંધકામ થયેલ છે કે કેમ? જે અંગે સ્થળસ્થિતિની ચકાસણી કરીને માહિતી આપવાની રહેતી નથી. જે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે)ની જોગવાઈ સાથે સુસંગત છે. જયારે મુદ્દા નં.૨ માં મંજુર થયેલ પ્લાન સિવાય વધારાનાં બાંધકામ અંગે થયેલ કાર્યવાહીની વિગત આપેલ છે. આથી વધારાનું (ગેરકાયદેસર) બાંધકામ કેટલુ ? તે અંગે માહિતી આપેલ નથી પરંતુ કાર્યવાહીને લગતી વિગત આપેલ છે. આથી વધારાના બાંધકામ અંગે દફતરી ઉપલબ્ધ હકીકત લક્ષી માહિતી આપવાની રહે.

અરજદારને અત્રેના પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૬૦ તા.૨૨–૩–૧૨ થી આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે)ની જોગવાઈ મુજબ ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે પરત્વે તેમનું ધ્યાન દોરવામાં આવે છે. જેના ઉપલક્ષમાં તમો દફતરી વિગતોની તપાસણી કરવા ઈચ્છુક હોય તો અપીલ તબક્કે તે અંગે આપનો પક્ષ રજુ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે કોઈ વિગત જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૩–૩–૧૨ ધ્યાને લેતાં ૧–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૬–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૧–૧–૧૨ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતીમાં જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં. ૨ ની અંશતઃ વધારાનું (ગેરકાયદેસર) બાંધકામની કાર્યવાહી થયેલ હોય તે અંગેની વિગતો દફતરી ઉપલબ્ધ હકીકત લક્ષી માહિતી હોવાનું અનુમાનિત છે. તેથી તે અંગેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા તથા બાકીના મુદ્દા નં. ૩ થી ૭ અંગે સંબંધિત બાંધકામ ફાઈલની દફતરી તપાસણી કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭માં પુરી પાડી થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) ને જણાવવામાં આવે છે."

(સી.વાય ભટ્ટ)
ડે.કમિશ્નર
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી ધનજીભાઈ કે. પટેલ ,પ્લોટ નં.